રાજ્યની સરકારી મેડીકલ કોલેજોમાં એમ.બી.બી.એસ. અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ પાસેથી ગ્રામીણ સેવા બજાવવા અંતર્ગત બોન્ડની રકમ તેમજ ગ્રામીણ સેવાના સમયગાળામાં ફેરફાર કરવા બાબત.

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ એમસીજી/૧૦૧૯/એસએફએસ-૨૬/જ
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૪/૦૮/૨૦૧૯.

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) ભૂતપૂર્વ પંચાયત અને આરોગ્ય વિભાગના તા.૩૦.૦૫.૧૯૭૨ના ઠરાવ ક્રમાંક. એમ.સી.જી/૧૨૭૨/૩૬૩૪/ન
(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૧.૦૬.૧૯૮૬ના પરિપત્ર ક્રમાંક. બી.એન.ડી/૧૦૮૬/૧૭૦૦/જ
(૩) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૨૭.૦૭.૧૯૯૩ના ઠરાવ ક્રમાંક એમ.સી.જી/૧૦૯૨/૫૧૧૧/જ
(૪) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૮.૦૫.૨૦૦૭ના ઠરાવ ક્રમાંક.એમ.સી.જી/૧૦૧૭/૧૪૧/જ
(૫) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ૨૮.૦૬.૨૦૧૩ના ઠરાવ ક્રમાંક એમ.સી.જી/૧૦૧૩/એસ.એફ.એસ ૫૪/જ
(૬) કમિશનરશ્રી, આરોગ્ય તબીબી સેવા અને તબીબી શિક્ષણની તા:૧/૧૦/૨૦૧૮ની સીંગલ ફાઇલ સિસ્ટમથી મળેલ દરખાસ્ત.

<u>આમુખ:-</u>

રાજ્ય સરકારના ઉપર વંચાણે લીધેલા વિવિધ ઠરાવોથી રાજયની મેડીકલ કૉલેજોમાં સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ પાસેથી સમયાંતરે બોન્ડની રકમમાં તેમજ ગ્રામીણ સેવા બજાવવાની અવધિમાં ફેરફાર કરવામાં આવેલ છે અને હાલ ત્રણ વર્ષ ગ્રામીણ સેવા બજાવવા સબબ રૂ.૫ લાખ (પાંચ લાખ) ની બોન્ડની નીતિ અમલમાં છે.

અનુભવે જણાયું છે કે હાલની રૂ.૫ લાખની બોન્ડની રકમ ઘણી ઓછી હોવાથી વિદ્યાર્થીઓ સરકારી મેડીકલ કૉલેજોમાંથી સ્નાતક અભ્યાસક્રમ પૂર્ણ કરીને બોન્ડની નિયત રકમ ભરીને બોન્ડ મુક્તિ

મેળવીને ગ્રામીણ સેવા ટાળવા માટેનો અભિગમ ધરાવે છે. જેના કારણે ગ્રામીણ વિસ્તારોમાં ડૉકટરોની ઘટ રહે છે તેમજ ગ્રામીણ, આદિવાસી, દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારના ગરીબ દર્દીઓની તબીબી અને આરોગ્ય વિષયક સેવાઓ પર વિપરીત અસર પડે છે.

રાજય સરકાર તબીબી શિક્ષણ પાછળ મેડીકલ કૉલેજની સ્થાપના માટે, બિલ્ડીંગ અત્યાધુનિક સાધન-સામગ્રીની ખરીદી માટે, એમ.સી.આઇ.ના ધારાધોરણો મુજબના મેડીકલ, પેરામેડીકલ તેમજ વહીવટી સ્ટાફની નિમણૂક કરવા તેમજ પગાર-ભથ્થા, મકાનો અને સાધનોની જાળવણી વગેરે પાછળ કરોડો રૂપિયાનું રોકાણ કરે છે. તબીબી વિદ્યાર્થીઓ પાસેથી નજીવી ફી મેળવીને તબીબી શિક્ષણ પૂરૂ પાડે છે. તબીબી વિદ્યાર્થીઓ સરકારી મેડીકલ કૉલેજોની વિવિધ માળખાકીય સુવિધાઓનો ઉપયોગ કરીને તાલીમ મેળવે છે. તેના બદલામાં ગ્રામીણ, આદિવાસી તેમજ અંતરિયાળ વિસ્તારોના ગરીબ દર્દીઓની તબીબી તેમજ ઓરાગ્યલક્ષી સેવાના હિતમાં તબીબી વિદ્યાર્થીઓ ગ્રામીણ સેવા કરે તેવી રાજય સરકારની અપેક્ષા સંપૂર્ણ વાજબી, યોગ્ય અને દર્દીઓના હિતમાં છે.

આથી, બૉન્ડની રકમ તેમજ ગ્રામીણ સેવાની અવધિમાં ફેરફાર કરવાની બાબત વિચારણાધીન હતી. જો કે બૉન્ડની રકમમાં વધારો કરીને રાજય સરકાર આવકનું સાધન ઉભુ કરવા માંગતી નથી, પરંતુ ગરીબ દર્દીઓના તબીબી સારવારના હિતમાં બૉન્ડની રકમમાં વધારો કરવા ઇચ્છે છે. જેથી કરીને વિદ્યાર્થીઓ બૉન્ડની રકમ ભરપાઇ કરીને સહેલાઇથી બૉન્ડ મુક્તિ મેળવી શકે નહિં અને ગ્રામીણ સેવા પૂર્ણ કરે તે સરકારનો ઉદ્દેશ છે. આથી બૉન્ડની રકમ તેમજ ગ્રામીણ સેવાની અવધિમાં ફેરફાર કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:-</u>

કાળજીપૂર્વકની વિચારણાના અંતે રાજયની સરકારી મેડીકલ કૉલેજોમાં એમ.બી.બી.એસ. અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ પાસેથી ગ્રામીણ સેવાઓ બજાવવા માટે ફેરફાર કરેલ બૉન્ડની રકમ, ગ્રામીણ સેવાના સમયગાળા તેમજ અન્ય આનુષાંગિક બાબતો અંગે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

<u>શરતો:-</u>

(૧) સરકારી મેડીકલ કૉલેજમાં એમ.બી.બી.એસ. ના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓએ તેઓ અભ્યાસક્રમ પૂર્ણ કરે તે પછી રાજ્ય સરકારની ઓછામાં ઓછી એક વર્ષની ગ્રામ્ય સેવાઓ બજાવવાની બાંહેધરી રૂપે જે મેડીકલ કૉલેજમાં પ્રવેશ મેળવે તે સમયે મેડીકલ કૉલેજના ડીનશ્રીને રૂા.૨૦.૦૦ લાખ (અંકે રૂપિયા વીસ લાખ)નો બૉન્ડ રજૂ કરવાનો રહેશે.

(૨) ઈન્ટર્નશીપ સિવાય ફરજીયાત રીતે રાજ્ય સરકારની ઓછામાં ઓછી એક વર્ષ એટલે કે કામકાજના પૂરા ૩૬૫ દિવસ(જાહેર રજાઓ સાથે)ની ગ્રામ્ય સેવાઓ બજાવવાની રહેશે. અન્ય કોઇપણ પ્રકારની રજાઓને બૉન્ડના સમયગાળા માટે ગણતરીમાં લેવાની રહેશે નહીં અને જાહેર

રજાઓ સિવાયની અન્ય રજાઓ ભોગવે તો ભોગવેલ રજાના સમયગાળા જેટલો બોન્ડની સેવાનો સમયગાળો લંબાવવાનો રહેશે.

(૩) એમ.બી.બી.એસ. અભ્યાસક્રમના વિદ્યાર્થીઓએ બોન્ડની રકમ રૂા.૨૦.૦૦ લાખની સામે રૂા.૫.૦૦ લાખની બેન્ક ગેરન્ટી **અથવા** રૂા.૫.૦૦ લાખની કિંમત ધરાવતી મિલકતની ગેરન્ટી આપવાની રહેશે. ઉક્ત બેંક ગેરન્ટી / મિલકત ગેરન્ટીનો વેલીડીટી પિરિયડ ૭ વર્ષનો રહેશે તેમજ જરૂર જણાયે તેની વેલીડીટી લંબાવવાની રહેશે.

(૪) બોન્ડ માટે સંબંધિત વિદ્યાર્થીએ બેન્ક ગેરન્ટી તરીકે કોઈ પણ રાષ્ટ્રીયકૃત બેન્કની અથવા છેલ્લા સતત ત્રણ વર્ષથી રૂ.૪૦.૦૦ કરોડ (રૂપિયા ચાલીસ કરોડ) થી વધુ ડિપોઝિટ ધરાવતી રાજ્યની કોઈપણ શિડ્યુલ બેંકોની અથવા છેલ્લા સતત ત્રણ વર્ષથી રૂ.૪૦.૦૦ કરોડ (રૂપિયા ચાલીસ કરોડ) થી વધુ ડિપોઝિટ ધરાવતી રાજ્યની કોઈપણ નાગરીક સહકારી બેંકની બેંક ગેરન્ટી આપવાની રહેશે.

(૫) બોન્ડની રકમ (રૂા.૨૦.૦૦ લાખ) અને બેન્ક ગેરન્ટીની રકમ (રૂા.૫.૦૦ લાખ) ના તફાવત જેટલી રકમ એટલે કે રૂા.૧૫.૦૦ લાખ માટે રૂા.૩૦૦/- ના નોટરાઇઝડ સ્ટેમ્પ પેપર પર બાંહેધરી આપવાની રહેશે. **અથવા** બોન્ડની રકમ (રૂા.૨૦.૦૦ લાખ) અને મિલકત ગેરન્ટીની રકમ (રૂા.૫.૦૦ લાખ) ના તફાવત જેટલી રકમ એટલે કે રૂા.૧૫.૦૦ લાખ માટે રૂા.૩૦૦/- ના નોટરાઇઝડ સ્ટેમ્પ પેપર પર બાંહેધરી આપવાની રહેશે.

(૬) જે વિદ્યાર્થી અતિ ગરીબ હોય અને તેના મા-બાપ કે પરિવાર પાસે કોઇ મિલકત ન હોય કે બેંક ગેરંટીની ક્ષમતા ન હોય તેવા વિદ્યાર્થીને ખાસ કિસ્સામાં નિયત બેન્ક ગેરંટી અથવા મિલકત ગેરંટી રજૂ કરવામાંથી મુક્તિ મળી શકશે. જે અંગેની સત્તા સરકારશ્રીની રહેશે. આવા વિદ્યાર્થીઓએ રૂા.૨૦.૦૦ લાખના બોન્ડની બાંહેધરી (undertaking) રૂા.૩૦૦/- (રૂપિયા ત્રણસો) ના નોટરાઇઝ્ડ સ્ટેમ્પ પેપર પર આપવાની રહેશે.

(૭) ઓલ ઇન્ડિયા કવોટાની બેઠકો પર પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને આ ઠરાવની જોગવાઇ લાગુ પડશે નહિં

(૮) અગાઉ પ્રવેશ મેળવેલ જૂના વિદ્યાર્થીઓ જેમણે પ્રવર્તમાન બોન્ડની પોલિસી મુજબ ત્રણ વર્ષની ગ્રામીણ સેવા બજાવવા માટે બોન્ડ આપેલ છે તેઓને આ ઠરાવ મુજબની જોગવાઈઓનો વિકલ્પ આપવામાં આવશે.

(૯) આ ઠરાવ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ થી પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ માટે અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વી.જી.વણઝારા)
અધિક સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(આ.)ના અંગત સચિવશ્રી, આરોગ્ય અને પ.ક વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ, તબીબી શિક્ષણ અને સંશોધન, ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી-ઈડીપી સેલ, ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી-પગાર ચકાસણી એકમ, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી, તબીબી શિક્ષણ અને સંશોધન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી, તબીબી સેવા / જાહેર આરોગ્ય / પરિવાર કલ્યાણ, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી(ડેન્ટલ), અમદાવાદ.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, જી.એમ.ઈ.આર.એસ., ગાંધીનગર.
- તબીબી અધિક્ષકશ્રી, સરકારી મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ- અમદાવાદ, વડોદરા , જામનગર, રાજકોટ ,સુરત, ભાવનગર.
- ડીનશ્રી, સરકારી મેડીકલ કોલેજ/ડેન્ટલ કોલેજ, અમદાવાદ વડોદરા, જામનગર, રાજકોટ, સુરત, ભાવનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પસંદગી ફાઈલ-૨૦૧૯.